**આંક– ૩૧ નું સાંધાણ**

**<u>સોગંદઆપ્યા</u>**

**સાહેદ વિડીયો કોલીગથી હાજર છે સાહેદે પોતે સમજી વિચારીને સોગદનામું કરેલ છે તેવી કબુલાત વિડીયો કોલીંગ મારફતે આપે છે. પ્રતિવાદી નં.૧ ના વિ.વ.શ્રી તરફ થી માર્ક –: ૧૪/૧ ને આંકે પાડવાની માંગણી કરે છે જયારે વાદીના વિ.વ.શ્રી તરફથી પુરવાર કરવાની શરતે આધારો આંકે પડે તેમાં વાંધો ન હોય જેથી રજુ દાખલ આંક–: ૩૨ આપવામાં આવે છે.**

**ઉલટ તપાસ – વાદી તરફે વિ.વ.શ્રી એમ. એલ. મણીયાર**

એ વાત ખરી છે કે, આંક– ૩૧ વાળી એફીડેવીટ મે સમજી વિચારી ને વાંચીને રજુ કરેલ છે. એ વાત ખરી છે કે, ગામ મીરઝાપર તા. ભુજ ના પ્લોટ નંબર ૧૦૦ વાળી દાવાવાળી મિલ્કત મુળ મારા પિતાશ્રી ની આવેલ હતી અને ત્યાર બાદ તેમના પાસેથી મારા નાના ભાઈ મનોજ પાસે આવેલ અને ત્યાર બાદ મનોજ ની પત્ની જશુબેન પાસે આવેલી. એ વાત ખરી છે કે, હાલે દાવાવાળી મિલ્કત જશુભાઈ મનોજ ગોંડલીયાના નામે ગ્રામ પંચાયતના રેકર્ડ પર માલીક તરીકે નોંધાયેલ છે તે સામે મે કોઈ તકરાર કે વાંધો ઉઠાવેલ નથી. એ વાત ખરી છે કે, દાવાવાળી મિલ્કત સબંધે મે મારા ભાઈની તરફેણમાં સ્વેચ્છાએ બીન અવેજ હકક જતો કરેલ છે.

સાહેદની સહી

એ વાત ખરી છે કે, અમો પ્રતિવાદી નં. ૧ અને ૨ વચ્ચે છુટા છેડા થઈ ગયેલ છે. એ વાત ખરી છે કે, રાધાબેન દાવાવાળી મિલ્કતમાં રહેવા આવ્યા તે મારા થકી રહેવા આવ્યા. એ વાત ખરી છે કે, મારા પાસે રહેણાંકની વ્યવસ્થા ન હોય મે મારા પિતા અને મારા ભાઈ પાસે આજીજી કરેલી એટલે મને પુત્ર અને ભાઈ હોવાના કારણે દાવાવાળી મિલ્કતમાં રહેવા પરવાનગી આપેલ હતી. એ વાત ખરી છે કે, રાધાબેનને દાવાવાળી મિલ્કતમાં રહેવા માટે મારા ભાઈ કે મારા પિતાશ્રીએ કોઈને લેખીત પરવાનગી આપેલ નથી. એ વાત ખરી છે કે, રાધાબેને પ્રતિવાદી નં. ૨ વાળાએ મારા પર ઘરેલુ હિંસાનો કેસ કરેલ જેમાં ના.કોર્ટ ધ્વારા દાવાવાળી મિલ્કતમાં રહેણાંક માટે નો હુકમ કરેલ તે માટે અમારા ધ્વારા વિકલ્પે રહેણાંકની વ્યવસ્થા માટે ભુજ શહેર માં ધર્મક્ષેત્ર તરીકે ઓળખાતુ જગ્યામાં પ્લોટ નંબર ૭૧ વાળો મકાન લઈ આપેલ છે તેનો રજીસ્ટ્રરમ દસ્તાવેજ આંક– ૩૨ થી રજુ કરી આપેલ છે. એ વાત ખરી છે કે, મારા પિતાએ પ્રતિવાદી નં. ૨ વિરુધ્ધ ફોજદારી ફરીયાદ દાખલ કરેલી હતી ત્યાર બાદ વાંરવાર મકાન ખાલી કરવા જણાવેલ પ્રતિવાદી નં. ૨ મકાન ખાલી કરવા તૈયાર નથી.

**ઉલટ તપાસ – પ્રતિવાદી નં.૨ તરફે વિ.વ.શ્રી પી.આર. ગઢવી**

હું આઠ નવ ચોપડી ભણેલો છું. એ વાત ખરી છે કે, પ્લોટ નંબર ૯૯ વાળો છે તેમાં મારા ભાઈ તથા વાદી જશુબેન સાથેજ રહે છે. એ વાત ખરી

---
સાહેદની સહી

છે કે, આ પ્લોટ ૧૦૦ વાળા પ્લોટ ઉપર મકાન બનાવેલ હતુ. એ વાત ખરી છે કે, લગ્ન બાદ અમો તથા પ્રતિવાદી નં. ૨ વાળા સદર મકાનમાં સાથે રહેતા હતા. એવાત ખરી છે કે, ડોમેટીક વાયો. ની અરજીમાં આ કામના પ્રતિવાદી નં. ૨ વાળાએ અમો સામે કરેલી. આ કામના પ્રતિવાદી નં. ૨ વાળુ મકાન આ કામના સામાવાળાએ ખાલી કારાવવુ નહી તેવો હુકમ થયેલ છે કે નહી તેની મને કોઈ જાણ નથી. આ કામે સદર વાદવાળા પ્લોટના મુળ માલીક એટલે કે મારા બાપુજી હાજર થયા તેની મને કોઈ જાણ નથી. એવાત ખરી નથી કે, પ્લોટ નંબર ૯૯ વાળો મારા ભાઈ તથા આ કામના વાદી તથા પ્લોટ નં. ૧૦૦ વાળો હુ તથા મારી પત્ની રાધાબેન પ્રતિવાદી નંબર ૨ વાળાને આપેલ હતો. એ વાત ખરી છેકે, ના.પ્રિન્સી. ફેમીલી કોર્ટ ભુજ નો કલમ ૧૩ મુજબનો છુટાછેડાનો કેસનો હુકમ ના.ગુજરાત હાઈકોર્ટમાં અપીલના કામે સ્ટે. થયેલ છે. એ વાત ખરી નથી કે, અમોએ આ પ્રતિવાદી નં.૨ વાળા તથા સંતાનોને કયારેય કોઈ પણ પ્રકારનો ભરણ પોષણ કે કાયમી હકક પેટે કોઈ અવેજ આપેલ નથી. એ વાત ખરી છે કે, મને ઈગ્લીશ નથી આવડતું મારુ પુરાવાનું એફીડેવીટ મારા વિ.વ.શ્રીએ વાંચીને સંભળાવેલુ. એ વાત ખરી નથી કે, અમો તથા પ્ર તિવાદી નં. ૨ વાળા વચ્ચે કોટુંબીક તકરાર હોય તેમને ભવિષ્યમાં કોઈ પણ પ્રકારના હકક કે હિસ્સો મળે નહી તેવા ઈરાદાથી હું ના. કોર્ટ સમક્ષ ખોટી જુબાની આપુ છું.

---

સાહેદની સહી

# રે. દિ. દાવા નં. ૭૭/૨૦

ઉલટ તપાસ પુરી.

ફેર તપાસ નથી.

**સાહેદ વિડીયો કોલીંગ થી હાજર હોય જેથી સાહેદની સહીની જરુર રહેતી નથી.**

સાહેદની સહી

સાહેદ તથા તેના વિ.વ.શ્રી ચાલુ જુબાનીએ સાહેદની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે અને તેમના વિ. વકીલશ્રીએ અને ઉલટ તપાસ કરનાર વિ. વકીલશ્રી એપ્રુવ કરેલી જુબાનીની પ્રીન્ટ કેસમાં મુકેલ છે. ના. ગુજરાત હાઈ કોર્ટ તરફથી આ અદાલતને તા. ૨૪/૦૭/૧૯ ના રોજ નામદાર પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ સાહેબ, સુરત મારફત સુચના મળેલ છે કે દરેક સાહેદની જુબાનીઓમાં સાહેદની સહી લેવી. તેથી સાહેદે પોતે આપેલ જુબાની તેણે આપ્યા મુજબ નોંધાયેલ છે તે કબુલ રાખ્યા બદલ તેની સહી કરેલ છે.

પ્રિન્સીપાલ સીની. સીવીલ જજ
ભુજ - જી.જે.૦૦૮૧૪

મારી રુબરુ

તા. ૨ – ૦૩ –૨૦૨૩
ભુજ–કચ્છ.

પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
ભુજ–કચ્છ.

સાહેદની સહી

સાહેદની સહી